# ઋષભ જિનેશ્વર પ્રિતમ માહરો રે

ઋષભ જિનેશ્વર પ્રિતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત

રીઝયો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ-અનંત

ઋષભ જિનેશ્વર પ્રિતમ માહરો રે

પ્રીત સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન કોય

પ્રીત સગાઈ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ધન ખોય

ઋષભ જિનેશ્વર પ્રિતમ માહરો રે

કોઈ કંત કારણ કાષ્ઠ ભક્ષણ કરે રે, મિલશું કંતને ધાય

એ મેળો નવિ કહીએ સંભવે રે, મેળો ઠામ ન ઠાય

ઋષભ જિનેશ્વર પ્રિતમ માહરો રે

કોઈ પતિરંજન અતિ ઘણું તપ કરે રે, પતિરંજન તન તાપ

એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ મિલાપ

ઋષભ જિનેશ્વર પ્રિતમ માહરો રે

કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પૂરે મન આશ

દોષ રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ

ઋષભ જિનેશ્વર પ્રિતમ માહરો રે

ચિત્ત પ્રસન્ન રે પૂજન ફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ

કપટ રહિત થઇ આતમ અરપણ રે, આનંદઘન પદ રેહ

ઋષભ જિનેશ્વર પ્રિતમ માહરો રે